# મોડાસામાં મહોરમની ભાવપૂર્વક ઉજવણી

## તાજીયા નિહાળવા અરવલ્લી જિલ્લાના મુસ્લિમ બિરાદરો ઉમટ્યા

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા રવિવારે તાજીયાનું મોડાસા નગરમાં કસ્બા સમાજના લોકો દ્વારા જુલુસ નીકળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું. તાજીયા જુલુસમાં માનવમહેરામણ ઉમટ્યું હતું. મોડાસા રથયાત્રા સમિતિ દ્વારા ઘોરીઓના ચોકમાં ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા.

મોહરમના દસ દિવસ એટલેકે આશારૂના દિવસ હજરત મોહમ્મદ પયગંબર સાહેબના નવાસા હજરત હુસેન સાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શાહિદ થયા હતા જેને મુસ્લિમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવાની સાથે રોજ મરશિયા ગાવામાં આવે છે. દસમાં દિવસે રોઝા રાખી ઈબાદત કરવામાં આવે છે. દસમા દિવસે મોડાસા નગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું. તાજીયા જુલુસમાં યા હુસેનના ગગનભેદી નારા ગુંજી ઉઠ્યા હતા અને ઘોરીઓના ચોકમાં પહોંચતા મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેશભાઈ જોશી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્ર સિંહ પુવાર, કોર્પો કલાબેન ભાવસાર, નાગરિક બેન્કના ચેરમેન વિનોદભાઈ શાહ સહીત હિન્દુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રાંતિજ ઈન્દિરાનગર પાસે યુવાનનો ઝાડ પર ગળે ફાંસો ખાધેલ મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ઈન્દિરાનગર પાસે આવેલ પાણીના સંપ પાસેથી ઝાડ ઉપર ગળેફાંસો ખાધેલી મૃત હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. તો વાયુવેગે સમાચાર પ્રસરી જતા સગાસંબંધીઓ સહિત લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.



પ્રાંતિજના ઈન્દિરાનગર પાસે આવેલ પાણીની ટાંકી સંપ પાસે વહેલી સવારે ઝાડ ઉપર ગળેફાંસો ખાધેલો મૃતદેહ મળી આવ્યો હતો. જયારે સમાચાર વાયુવેગે પ્રસરી જતાં મૃતક યુવકનાં સંગાસંબધીઓ સહિત લોકોનાં ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા.

જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ઝાડ ઉપર લટકતા મૃતક યુવકનો મૃતદેહ નીચે ઉતારાવીને પ્રાંતિજ સી.એચ.સી. ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી. જયારે મૃતક યુવક પ્રાંતિજનો જ રહેવાસી રાજાજી કેસરીજી ચૌહાણ ઉ.વર્ષ અંદાજે-૪૨ અને ટીબાવાસ ગલેચીભાગોળનો જ રહેવાસી છે અને મૃતક યુવાન બે બાળકોનો પિતા છે અને છુટક મજૂરી કરતો હોવાનું જાણવાં મલ્યુ છે. ત્યારે પ્રાંતિજ પોલીસે હાલ તો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં ધામધૂમથી વિજ્યાદશમીની ઉલ્લાસપૂર્વક ઉજવણી

## મોડાસામાં વી.એચ.પી, ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શિણાવાડ નજીક શસ્ત્ર પૂજા કરાઈ

અરવલ્લી, તા. ૧

આશુરી તત્વો ઉપર શક્તિનો



વિજય દશેરાની અરવલ્લી જિલ્લામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા અને ૪૫ ફૂટ ઊંચા રાવણનું દહન નિહાળવા નગરજનો અને આજુબાજુ ના ગામડાઓના લોકોનું કિડયારૂ ઉભરાયું હતું. મોડાસા શહેરમાં દશેરા ઉત્સવ સમિતિ દ્વારા રાવણ દહન અને શોભાયાત્રા નીકાળવામાં આવે છે. રવિવારે મોડાસા શહેરમાં સાંજના સુમારે શોભાયાત્રા બાદ શાસ્ત્રીય સ્ટેડિયમમાં ભવ્ય આતશબાજી સાથે રાવણનો વધ કરવામાં આવ્યો હતો.

મોડાસા શહેરમાં દશેરાના



દિવસે વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોડાસા પી.આઈ રબારી સહીત નગરના શસ્ત્ર ધરાવતા લોકો મોટી સંખ્યામાં શસ્ત્ર પૂજનમાં ઉમટી પડી શસ્ત્ર પૂજન કર્યું હતું આ સમયે વી.એચ.પી ના રામભાઈ પટેલ, કિરીટ શાહ, કનુભાઈ પટેલ, સંજય ભાવસાર, હિતેન્દ્ર જોશી (સરપંચ-લીંભોઈ), નિલેશભાઈ જોશી, મિતુલ ત્રિવેદી અને બજરંગ દળના પ્રિયંક પટેલ હાજર રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાએ શિણાવાડ ગામમાં શસ્ત્ર પૂજન વિધિ કરી હતી. જેમાં પ્રમુખ સંજયજી ઠાકોર સહીત મોટી સંખ્યામાં શસ્ત્રો સાથે લોકો પૂજાવિધિમાં જોડાયા હતા.



## અંબાજીમાં મા અંબાના ચાચરચોકમાં ૫૦૧ દીવડાની આરતી

અડગ મનના હિમાલય નડતો નથી ભક્તી, શક્તિ અને શ્રદ્ધાનો સમન્વય થાય ત્યાં માનવીની તમામ ઈચ્છા ફળીભૂત થાય છે, જી હા આ છે મહેસાણા જિલ્લાના વિસનગર ગામના ખેડૂત પુત્ર રાહુલ પટેલ જે પોતે ખેતીવાડી વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૦ વર્ષ અગાઉ ખેતીવાડી સારી થાય તે માટે અંબાજીના મા અંબાના ચાચરચોકમાં ૫૦૧ દીવડા ઉપાડીને આરતી કરવાની ટેક લીધી ને માતાજીએ તેની આ માનતા પૂર્ણ કરીને માતાજીની કૃપાથી ખેતીવાડી ખુબ સારી થઈ જેને લઈ રાહુલ પટેલ છેલ્લા ૧૦ વર્ષથી ૫૦૧ દીવડાની આરતી પોતાના શરીર લઈ મા અંબાની અનોખી આરાધના કરે છે. એટલું જ નહી રાહુલ પટેલ પોતાના આશાપુરા મીત્રમંડળ સાથે નવરાત્રીએ મા અંબાની આરાધના કરવા ચાચર ચોકમાં અંબાજીમાં આરતી કરે છે.

## હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને એ જ તેમને મોહનમાંથી મહાત્મા બનાવી ગયું. ગાંધીજીની વાતો કરવા બેસીએ તો દિવસોના દિવસો જતા રહે પણ એકાદ પ્રસંગ, એકાદ મુદ્દો જો આપણને સ્પર્શી જાય તો ગાંધીના ગુજરાતનો વારસદાર હોવાનો અધિકાર આપણને પ્રાપ્ત થઈ જાય...''

''દિલની વાત કરી. માનવ ધર્મનો મહિમા સમજાવતુ ગાંધીજીવન વિશ્વ માટે માર્ગદર્શક છે. ત્યારે મારા, તમારા અને આપણા જીવનમાં આ પંક્તિઓ ચરિતાર્થ કરવાની ક્ષમતા પ્રગટાવવી જ જોઈએ...

''વૈષ્ણવજન તો તેને રે કહીએ રે... જે પીડ પરાઈ જાણે રે...''

- નિમિત્ત માત્ર



રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અગ્રણી નીતા અંબાણી પોતાની માતા સાથે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પહોંચ્યા હતા. જ્યાં મંદિર ટ્રસ્ટના વહીવટદાર દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. અને ત્યારબાદ નીતા અંબાણીએ મા અંબાના નીજ મંદિરમાં પાવડી પૂજા કરી હતી અને બપોરનો રાજભોગ હોવાથી કપુર આરતીનો પણ લાભ નીતા અંબાણીએ લીધો હતો. તેમને મા અંબાને સાડી અર્પણ કરી હતી. મંદિર ટ્રસ્ટ દ્વારા નીતા અંબાણીને માતાજીની પ્રતીમા સ્મૃતિચિન્હ તરીકે અર્પણ કરી હતી. જોકે નીતા અંબાણીનો અગાઉ પણ અંબાજી દર્શને આવવાનો કાર્યક્રમ ઘડાયો હતો. પણ સંજોગો વસાત રદ થતાં આજે નવરાત્રીના અંતિમ દિવસે એટલે કે નવમા નોરતે મા અંબાને નૈવેદ ચઢાવી પૂજા-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા ને માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી પણ બંધાવી હતી. ત્યારબાદ ગણપતીજી મંદિરે દર્શન કરી તેઓ અંબાજીથી પરત જવાં રવાના થયા હતા. જોકે તેમને મીડીયાને ખુબ નાની મુલાકાત આપી નવરાત્રીની માત્ર શુભેચ્છા પાઠવી હતી.

# શામળિયા અન્નક્ષેત્રમાં દશેરાથી હવે જરૂરિયાતમંદ નિરાધારોને બે ટંક ટિફિન સેવા ચાલુ કરાઈ

## સ્થાનિકો તેમજ મુંબઈ સ્થિત દાતાઓ દ્વારા ઉદાર સખાવત મળતા ૧૭ વર્ષથી ચાલતા સદાવ્રતમાં ટિફિન સેવા ડબલ કરાઈ

મોડાસા, તા.૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીંટોઇ સેવા સમિતિના ઉપક્રમે છેલ્લા ૧૭ વર્ષથી ચાલતા અન્નક્ષેત્રમાં નિરાધાર અને જરૂરતમંદ વ્યક્તિઓને ઘેર બેઠાં ટિફિન સેવા નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે. આ સેવામાં અત્યાર સુધી રોજ એકવાર ટિફિન અપાતું હતું તેમાં આજે દશેરાથી વધારો કરીને બે વાર ટિફિન સેવા નિરાધારોને આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

મૂળ ટીટોઇના અને મુંબઈ નિવાસી ઉદ્યોગપતિ સ્વ. સોમાલાલ ખેમરામ વ્યાસ પરિવાર, ગજાનન ગૌરીશંકર ઠાકર પરિવાર અને મુંબઈ નિવાસી દાતાઓ દ્વારા આ અન્નક્ષેત્રમાં દશેરાના દિવસે માતબર દાન મળતાં દશેરાના દિવસથી દિવસમાં બે વાર ટિફિન સેવા શરૂ કરવામાં આવી છે.



અન્નદાન-મહાદાન એ ઉક્તિને સાર્થક કરતી ટીટોઇ સેવા સમિતિ સંચાલિત આ અન્નક્ષેત્ર સ્થાનિકો તેમજ સેવાભાવી મુંબઈ સ્થિત ગામના જ સપૂત દાનવીરોના ઉમદા સહકારથી ચાલી રહેલ છે, તેના ૧૭માં વર્ષે દશેરાએ અન્નક્ષેત્રમાં હવે બે ટંક ટિફિન સેવા શરૂ કરવાના આ પૂણ્ય અવસરે ઉપસ્થિત મુંબઈ અને સ્થાનિકો સહુનો સદાભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.







દેશભરમાં દશેરાની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી ત્યારે યાત્રાધામ અંબાજીમાં પણ ભગવાન શ્રીરામ સાથે હનુમાન, રાવણ જેવા અનેક પાત્રોના વેશભૂષા ધારણ કરાવી વિશાળ શોભાયાત્રા અંબાજીની નગરયાત્રાએ નિકાળવામાં આવી હતી અને અંબાજી જીએમડીસી મેદાનમાં હનુમાન અને રાવણ વચ્ચેના યુદ્ધના દશ્યો બનેલા પાત્રો દ્વારા રજુ કરાતા ભારે આકર્ષણ જામ્યુ હતુ અને આંખોને આંજે તેવી ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. જે દશેરા પર્વનું આકર્ષણનું કેન્દ્ર બની હતી અને રાવણના પુતળાનું દહન કરી વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

સૌથી ઓછા ટેક્સ લાગૂ કરવામાં આવ્યા છે. જેટલીનું કહેવું છે કે, એક એવો સમય હતો જ્યારે સિવિલ સર્વિસ એલિટ સર્વિસ તરીકે ગણવામાં આવતી હતી. હવે સામાજિક અને ભૌગોલિક સરહદો ખતમ થઈ રહી છેજે ભારતીય સમાજમાં આવેલા મોટા ફેરફારના સંકેત તરીકે છે. આના પરિણામ સ્વરુપે સેવાઓના સામાજિક અને આર્થિક વિકાસ થયા છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

પ્લાનીંગ એરીયા સીવાયના વિસ્તારમાં રેરા લાગુ થઈ શકે નહિ તેવી કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે તેથી બેન્કોએ આવા વિસ્તારમાં થતા ડેવલોપમેન્ટ ઉપરના ફાયનાન્સને અટકાવવું જોઈએ નહિ તેવી પ્રબળ માંગ હાલમાં ઉઠવા પામી છે જો બેન્કો દ્વારા રેરા સમાવિષ્ટ વિસ્તારને ફાયનાન્સ જલ્દી કરવામાં નહિ આવે અગર તો જીએસટી નંબર તથા બીયુ પરવાનગી સીવાયના પ્રોજેકટો લોનના કામો અટકાવશે તો આવનાર દિવસોમાં રીયલ એસ્ટેટ ક્ષેત્રે મંદિના એંધાણ સ્પષ્ટ વર્તાય રહ્યા છે નવરાત્રી તથા દશેરાએ મુર્હતો થયા નથી તે દિવાળી તથા દેવદિવાળીએ પણ થઈ શકે તેમ નથી જેથી વિકાસ અટકશે તે ચોક્કસ છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

અને વપરાશ થયેલો હતો. ગાંધીજીએ ખાદી અને ચરખાને પુનઃજીવિત કરવાના પ્રયાસ કર્યા. ગાંધીજીના મૃત્યુ પછી એટલે કે ૧૯૪૯માં તમિળનાડુના એકંબરનાથે અંબર ચરખો વિકસાવ્યો.'

'ભારતીય મહિલા વિશ્વકોશ'નાં રચયિતા ડૉ. ટીના દોશીના સંશોધનમાં એવું જરૂર આવે છે કે ખાદિ (ખાદી નહીં)નો અર્થ ઝાંઝર થાય છે. જોકે ખાદી એટલે કે વણાટકામ સાથે સંકળાયેલા ઉત્પાદનનો સંબંધ તો પ્રાચીનકાળની સ્ત્રીઓ સાથે આવે જ છે. ડૉ. દોશીનું કહેવું છે કે છેક વેદકાળથી સ્ત્રી માટે વસ્ત્રો વણવાનું કામ એ પવિત્ર ગણાતું આવ્યું છે. આચાર્ય સાયણ નારીના આ કર્તવ્યને દેશપ્રેમ સાથે જોડે છે. ઋગ્વેદમાં વસ્ત્રા પુત્રાય મંત્રો વયંતિ એટલેકે માતા પોતાનાં સંતાનો માટે વસ્ત્રો વણતી હોવાનો ઉલ્લેખ આવે છે. અથર્વવેદમાં પણ 'સ્ત્રીએ કાંતવું,વણવું ,સીવણ, ગૂંથણ તથા કિનારીમાં ઝાલર વગેરે લગાડવાનું કામ કરવું જોઈએ' એવો ઉલ્લેખ આવે જ છે. ડૉ. ટીના નોંધે છે કે વેદકાળમાં વણાટકામ કરતી કન્યા માટે 'સરિવયિત્રી', રંગતી કન્યા માટે 'રજયિત્રી' અને ભરતગૂંથણ કરતી કન્યા માટે 'પેશસ્કરી' શબ્દ વપરાતો હતો.એનો અર્થ બહુ સ્પષ્ટ છે કે વેદકાલીન સમયમાં વસ્ત્ર ઉદ્યોગ વિકસિત હતો.અવધ પ્રસાદ 'ખાદી તકનીક'માં પણ નોંધે છે કે 'ભારતમાં વસ્ત્ર ઉત્પાદન કળા લગભગ પાંચ હજાર વર્ષ પુરાણી માનવામાં આવે છે.પાડોશી દેશ ચીનમાં રેશમી વસ્ત્રની પરંપરા પુરાણી ગણાય છે.યુરોપમાં ઉની વસ્ત્રની પરંપરા રહી છે.'

ભારત સરકારમાં ખાદી —ગ્રામોદ્યોગ સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય હેઠળ આવે છે..આયોગના અધ્યક્ષ સક્સેનાએ ઑક્ટોબર ૨૦૧૬માં એક મુલાકાતમાં કહ્યું હતું કે છેલ્લા દસ મહિનામાં ખાદીનું વેચાણ ૩૦ ટકા વધ્યું છે.દેશભરના ૭૦૬૦ આઉટલેટ્સ મારફત ખાદી અને ગ્રામોદ્યોગનાં ઉત્પાદનો વેચવાના નવા નુસખાઓ અમલી બનાવાઈ રહ્યા છે. વિચાર-વસ્ત્રની ધૂમ કમાણી થઈ રહી છે. રિતુ બેરી સહિત ૪૫ ડિઝાઈનરને કામે લગાડીને માર્કેટિંગના નવા નુસખા અજમાવીને ખાદીને વધુ લોકપ્રિય બનાવવા સક્સેના અને તેમની ટીમ કામે વળી છે.સાથે જ ખાદી બ્રાન્ડનેઈમને નોંધાવવામાં રસ લઈ રહ્યા છે. વચ્ચે તેમની સંસ્થાના કૅલેન્ડર પર ગાંધીજીને બદલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચરખા સાથે જોવા મળ્યાનો વિવાદ ખૂબ ચગ્યો હતો. એ અંગે સ્પષ્ટતા કરતાં ૧૩ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ તેમણે રજૂ કરેલા બે પાનાંના નિવેદનમાં 'વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાદીને પ્રોત્સાહિત કરવાની કરેલી અપીલને કારણેજ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ખાદીના વેચાણમાં ૩૪% વધારો' થયાનો ઉલ્લેખ જરૂર કર્યો હતો.તેમણે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથકે વિશ્વનો સૌથી ભવ્ય એવો ૯ મીટર લાંબો અને ૫ મીટર ઊંચો કાષ્ઠ(વુડન) ચરખો સ્થાપિત કરાવીને એનો પ્રચાર કરવાનું પસંદ કર્યું છે. એના પછી તેઓ દિલ્હીના જ કનાટપ્લેસ ખાતે ખુલ્લામાં ૮ મીટર લાંબો અને ૪ મીટર ઊંચો સ્ટીલનો ચરખો સ્થાપિત કરવાની યોજના લઈ આગળ વધ્યા. ખાદી દેશની ઓળખ અને સ્વતંત્રતા ચળવળ સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. ભારતીય સ્વાભિમાનનું પ્રતીક છે. ગાંધીજીએ એના વિશે કહેલા શબ્દોનું સદાય સ્મરણ રાખવા જેવું છે : 'ખાદી કેવળ રોજી આપવાવાળો એક ઉદ્યોગ છે એ ખ્યાલ તો આપણે છોડી દેવો જોઈએ.ખાદી વસ્ત્ર નહીં, પણ વિચાર છે. મારે મન ખાદી હિન્દુસ્તાનની આખી વસ્તીની એકતાનું, તેના આર્થિક સ્વાતંત્ર્ય ને સમાનતાનું પ્રતીક છે.'

- haridesai@gmail.com

## કોંગ્રેસના પ્રહારો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ, ગુજરાતના ખેડૂતોની માથાદીઠ આવક માત્ર રૂ.૭૯૨૬ છે, જે હરિયાણા અને પંજાબ કરતાં પણ ઘણી ઓછી છે. ગુજરાત ખેડૂતોને બરબાદ કરનાર ભાજપ સરકાર રાજયના ખેડૂતોને તેનો જવાબ આપે. કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપની ખેડૂત વિરોધી નીતિના કારણે ગુજરાતમાં ૧૩ લાખ હેકટર ખેતીની જમીનમાં ઘટાડો થયો, સાડા ત્રણ લાખ ખેડૂતો ઘટયા અને ૩૮ લાખ ખેત મજદુરોનો વધારો થયો. ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં ખેડૂતોની આત્મહત્યામાં ચિંતાજનક હદે વધારો થયો છે છતાં ભાજપ સરકારનું પેટનું પાણી હાલતુ નથી. મહેસાણાના ખેડૂતો ચકલી ખોલશે એટલે ઓઈલ અને ગેસ નીકળશે એવી મસમોટી વાતો કરનારા ભાજપના નેતાઓ એ વાતનો જવાબ આપે કે, વાસ્તવમાં ખેડૂતો ચકલી ખોલે તો પાણી પણ આવતું નથી. કપાસ, મગફળીના ઉત્પાદનમાં અગ્રીમ રાજયના ખેડૂતો પોષણક્ષમ ભાવ માટે ભાજપ પાસે જવાબ માંગે છે. એટલું જ નહી, ભાજપના શાસનમાં દલિત, આદિવાસી, બક્ષીપંચ, પાટીદાર સમાજ પર દમન અને અત્યાચાર થઈ રહ્યા છે. ખોટા પોલીસ કેસો કરી લોકોનો અવાજ દબાવાઈ રહ્યો છે. ગરીબ અને સામાન્ય પ્રજા માટે સચિવાલયના દરવાજા બંધ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં ગુજરાત શિક્ષણક્ષેત્રમાં નવમા ક્રમાંકે હતુ, તે આજે પાછળ ધકેલાઈના ભાજપના શાસનમાં ૨૧થી ૨૩ માં ક્રમે પહોંચી ગયુ છે. ગુજરાતમાં ૧૦.૪૬ શિક્ષિત બેરોજગારો છે અને નહી નોંધાયેલા ૪૦ લાખ શિક્ષિત બેરોજગાર એટલે કુલ ૫૦ લાખ શિક્ષિત બેરોજગારો ભાજપ સરકાર પાસે જવાબ માંગી રહ્યું છે. સને ૧૯૯૮ પહેલાં કોંગ્રેસના શાસનમાં ગુજરાતનું દેવું રૂ.૧૮ હજાર કરોડ હતું,જે ભાજપના કુશાસનમાં વધીને બે લાખ કરોડ સુધી અધધધ...થઈ ગયું છે. ગુજરાતમાં જન્મ લેતું બાળક રૂ.૪૬ હજારના દેવા સાથે જન્મે છે. ગુજરાતમાં ૫૫ ટકા મહિલાઓ અને ૪૫ ટકા બાળકો કુપોષિત છે. દરેકના ખાતામાં રૂ.૧૫-૧૫ લાખ જમા કરાવવાની વાતો કરનાર ભાજપ આ બધા મુદ્દે ચૂપ કેમ છે પરંતુ ગુજરાતની જનતા હવે ચૂપ નહી રહે. આગામી વિધાનસભા ચૂંટણીમાં પ્રજા તેના અસલ મિજજાનો પરચો ભાજપને આપશે તે નક્કી છે એમ ડો.મનીષ દોશીએ ઉમેર્યું હતું.

## અણસાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડશે. વિકાસ માટે પૈસાની જરૂર પડે છે. જો કે, આ નાણા ખુબ જ ઈમાનદારીપૂર્વક ખર્ચ કરવામાં આવશે. નેશનલ એકેડેમી ઓફ કસ્ટમ એક્સાઈઝ એન્ડ નાર્કોટિક્સના સ્થાપના દિવસના પ્રસંગે જેટલીએ કહ્યું હતું કે, રેવેન્યુ ગવર્નન્સની લાઈફલાઈન સમાન છે. આના મારફતે જ દેશને વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્રમાં ફેરવી શકાય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આવા સમાજમાં કરદાતાઓ ન હોવાની ચિંતા કરવામાં આવતી નથી. અહીં હવે લોકો સમયની સાથે ટેક્સ માટે આગળ આવી રહ્યા છે. આજ કારણસર કરવેરાઓને એક કરી દેવામાં આવ્યા છે. એક વખતે ફેરફાર અમલી બની ગયા પછી અમારી પાસે સુધારાઓ માટે અવકાશ રહેશે. જેટલીએ ઉમેર્યું હતું કે, ટેક્સની જાળવામાં લોકોને લાવવા માટે ટેક્સ વિભાગના અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી ચુકી છે પરંતુ એવા લોકો ઉપર બિનજરૂરી દબાણ લાવવામાં આવશે નહીં. જે લોકો આની હદમાં આવતા નથી તેમને જાળમાં લાવવાના પ્રયાસ થશે નહીં. ભારતમાં પરોક્ષ કરવેરામાં વધારો થઈ રહ્યો છે. અર્થતંત્ર પણ ગ્રોથમાં છે. પ્રત્યક્ષ કર પ્રભાવશાળી વર્ગના લોકો તરફથી આપવામાં આવે છે જ્યારે પરોક્ષ કરવેરાનો બોજ તમામ ઉપર પડે છે જેથી નાણાંકીય નીતિઓમાં જરૂરી ચીજો ઉપર